---

(૧). વાદીએ પ્રતિવાદીઓ વિરુધ્ધ મુખ્યત્વે ડેકલેરેશન અને કાયમી મનાઈ હુકમ મેળવવાની દાદની માગણી કરતો દાવો દાખલ કરેલ છે અને દાવાની સાથે સાથે હાલની આ અરજી દાખલ કરી પ્રતિવાદીઓ વિરુધ્ધ કામચલાઉ મનાઈહુકમ સબબની દાદ માંગેલ છે.

(૨) વાદીએ દાવો તથા મનાઈ અરજી દાખલ કરતાં પ્રતિવાદીઓને નોટીસ કાઢતાં અને જે પ્રતિવાદીઓને બજી જતા પ્રતિવાદી નં.૨,૪,૭,૮ અને ૧૦ હાજર થયેલ અને આંક–૧૫ થી જવાબ રજુ કરેલ છે અને અન્ય પ્રતિવાદીએ આંક–૨૪ થી પુરશીસ આપી આંક–૧૫ થી રજુ જવાબ એડોપ્ટ કરેલ છે.

(૩) અરજી સંબંધે વાદી તેમજ પ્રતિવાદીના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૪) આ કામે વાદી તરફે રજુ તમામ પક્ષનિવેદનો, દસ્તાવેજો, રજુઆતો દલીલોને ધ્યાને લઈ આ અરજીના ન્યાયીક નિર્ણય સારુ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શુ વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરે છે ?

(૨) જો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ના આવે તો વાદીને નાણાથી ભરપાઈ ના થઈ શકે તેવુ નુકસાન જવાનો સંભવ છે?

(૩) શુ સગવડતા અને અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં જાય છે ?

(૪)	શુ હુકમ ?

(૫)	ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧)	નકારમાં

(૨)	નકારમાં

(૩)	નકારમાં

(૪)	છેવટના હુકમ મુજબ.

## // કા ર ણો //

**મુદા નં. ૧ થી ૩ સંયુકત:–**

ઉપરોકત ત્રણે મુદાઓ એકબીજા સાથે પરસ્પર રીતે સંકળાયેલા હોઈ પુરાવાનુ પુનરાવર્તન ના થાય તે હેતુથી સરળતા ખાતર સંયુકત ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૬)	હાલની અરજીના નિર્ણય સારુ, સૌ પ્રથમ વાદી તરફે કરવામાં આવેલ પક્ષનિવેદનો ધ્યાનમાં લેવામાં આવે તો,

વાદીનુ કથન છે કે,દાવાવાળી મિલકત મોજે ગામ વાયણા તાલુકા કલોલ જી.ગાંધીનગરની સીમમાં નવા બ્લોક નં.૨૪૦ વાળી જુના બ્લોક સર્વે નં. ૭૨૧ વાળી અને તેના પહેલાનુ મુળ જુના બ્લોક સર્વે નં. ૫૮૨/૨ વાળી ૦–૨૦–૬૩ હે.આર.એ ચોમી ૦.૯૦ પૈસા આકારની જુની શરતની ખેતીની જમીન આવેલી છે. જે ખાતા નં.૨૨૯ થી રેવન્યુ રેકર્ડની ભુલના કારણે પ્રતિવાદીઓના નામ અને ખાતે ચાલે છે.પરંતુ વાસ્તવમાં તેમા થી અડધા ભાગની જમીન ભાઈઓ ભાગથી વાદીઓના હકક

વિશે અને કબજા ભોગવટામાં આવેલ છે.પરંતુ રેવન્યુ રેકર્ડમાં વાદીનુ નામ રેવન્યુ નોંધનં. ૫૬૨ થી દાખલ થયેલ છે.જે નોંધ ૨૫/૬/૧૯૫૮ ના રોજ પડેલ છે. જે તા.૮/૧૨/૧૯૬૬ ના રોજ નામંજુર થયેલ છે.ત્યારબાદ સદર જમીન સબંધે ગણોત કેસ ઉભો થતા દાવાવાળી જમીન શ્રી સરકાર દાખલ થયેલ ત્યારબાદ સરકારશ્રી તરફે મામલતદાર શ્રીનો હુકમ રદ કરી મુળ ખેડુતોને જમીન પરત આપવા હુકમ કરેલો.જે અંગે નોંધ નં.૬૯૭ તા.૫/૪/૧૯૬૩ ની પડેલ.જેમા નોંધ નં.૬૯૭/૨ થી દાવાવાળી જમીન ગણોત કેસ નં.૬/૬૨ તા. ૨૭/૯/૧૯૬૨ થી મુળ માલીકોને પરત આપવામાં આવેલ હતી.જે તે વખતે વાદીનુ પોતાનુ નામ લખવાનુ રહી ગયેલ હોય જેનો ગેરલાભ લઈ નોંધ નં.૧૩૬થી સોમાભાઈ પ્રાણદાસના વારસો પુંજાભાઈ કાંતિભાઈ તથા ઈશાબેન ના નામ દાખલ થયેલા.

વધુમાં વાદીનુ કથન એવુ છે કે દાવાવાળી મિલકતમાં તેમના પિતા વાવેતર કરતા હોવાથી તેમનુ નામ વાવેતરીયા તરીકે ૧૯૭૭–૭૮ થી ૧૯૮૨–૮૩ સુધી ચાલેલુ અને ત્યારબાદ દાવાવાળી જમીનો પૈકી અડધા ભાગની જમીન તેઓ વાવેતર કરતા આવેલ છે.આ કામના વાદીએ પ્રતિવાદીઓને દાવાવાળી જમીનના તેમનુ નામ દાખલ કરવા જણાવતા પ્રતિવાદીઓએ કોઈ સહકાર ના આપતા હાલનો દાવો કરવાની ફરજ પડેલ છે.

સામે બાજુ પ્રતિવાદીઓ તરફે આંક–૧૫ થી તેમનો જવાબ રજુ કરી વાદીની દાવા અરજીની હકીકતો નો ઈનકાર કરેલ છે અને તેમની દલીલમાં જણાવેલ છે કે,વાદીએ આ કામના રેવન્યુ રાહે કોઈ કાર્યવાહી કરેલ નથી અને દાવાવાળી મીલકતમાં પ્રતિવાદીઓનુ નામ ચાલે છે અને ના.કોર્ટને રેવન્યુ રેકર્ડ સુધારવાની કોઈ સતા નથી.

વધુમાં દાવાવાળી મિલકતની જે નોધો પડેલ છે તે નોધો અલગ અલગ સર્વે નં.

થી પડેલ છે. વાદી ધ્વારા જે પેઢી નામુ રજુ કરવામાં આવેલ છે તે પેઢી નામામાં બે પુત્રો બતાવેલા છે તેમનુ માતાનુ નામ જણાવેલ નથી અને વાદી એ આંક–૧૨ થી જે પંચનામુ કરાવેલુ છે તે પંચનામુ તકરારી મિલકતનુ નથી.વાદીએ તેમની દાવા અરજી માં જણાવેલ છે કે તેઓ દાવાવાળી મિલકતનો મેહસુલી વેરો ભરતા હતા અને હાલ ભરે છે કે કેમ? તે રેકર્ડ પર નથી કે તેની કોઈ રસીદ પણ રજુ કરેલ નથી.વધુમાં તેઓએ રજુઆત કરેલ છે કે રેવન્યુ રેકર્ડની કલમ ૧૩૫ માં બતાવેલ છે કે રેવન્યુ એંટ્રીથી વિરૂધ્ધની પરીસ્થિતી બતાવવામાં ના આવેલ ના હોય ત્યા સુધી રેવન્યુ રેકર્ડ સાચો છે તેવુ માનવુ જોઈએ.વાદીનો કોઈ પ્રાઈમાફેસી કેસ ના હોય જેથી વાદીની અરજી નામજુંર કરવા રજુઆત કરેલ છે.

(૭) આ કામે વાદીએ સને–૧૯૫૮ના રોજ પડેલ નોંધ જે સરકાર શ્રી ધ્વારા રદ કરવામાં આવેલ હતી. તે નોંધને પડકારતો હાલનો દાવો દાખલ કરેલ છે અને જે તે વખતે વાદીએ રેવન્યુ રાહે કોઈ કાર્યવાહી કરેલ નથી.વાદી ધ્વારા રજુ કરેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા હાલની પરિસ્થિતીએ દાવાવાળી મિલકતમાં વાદીનુ કોઈ હકક હીસ્સો હોય તેવુ પ્રાઈમાફેસી જણાઈ આવતુ નથી. આ કામે વાદીએ જે આક્ષેપ પ્રતિવાદીઓ વિરુધ્ધ કરેલ છે તે આક્ષેપો પ્રથમ દર્શનીય રીતે પુરાવો લીધા સીવાય સાબીત થઈ શકે નહિ. આમ, એ સ્પષ્ટ થાય છે કે , આ કામે ના પક્ષનિવેદનો માહેની હકીકતો એ ટ્રાયેબલ ઈસ્યુ છે અને જેથી આવી હકીકતોનો નિર્ણય આ તબકકે થઈ શકે નહિ. વધુમાં, વાદીની દાવામાં જણાવેલી દાદ તથા હાલની અરજીની દાદ ધ્યાનમાં લેતા બન્ને દાદ એક સરખી માંગેલ છે.

(૮) આ સંદર્ભે નામ. સર્વોચ્ચ અદાલતે તથા નામ. ગુજરાત વડી અદાલતે ૧૯૯૫ સપ્લી. (૩) એસ.સી.સી. પાનાનં. ૫૯૦,૧૯૯૯ ( ) જી.એલ.આર. પાના નં. ૨૩૧૮,૨૦૦૦(૪) જી.સી.ડી.૩૪૩૨,નામદાર સુપ્રિમ કોર્ટે **મેહુલ**

**મહેન્દ્રભાઈ ઠાકર વિ.મીના મેહુલ ઠાકર એઆઈઆર ૨૦૦૯ એસસી ૨૨૯૨ (સપ્લીમેન્ટરી)** ના ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ છે કે , જયારે મનાઈ હુકમની દાદ મંજુર કરવાથી આખો દાવો પુરાવા લીધા વગર મંજુર થઈ જતો હોય ત્યારે તેવી દાદ મંજુર કરી શકાય નહિ તેવુ ઠરાવેલ છે ત્યારે વાદીએ હાલના સ્વરુપે જે મનાઈહુકમની દાદ માંગેલ છે તે મંજુર કરવામાં આવે તો પુરાવો લીધા વિના જ આખો દાવો મંજુર થઈ જાય તેમ હોઈ તેવા પ્રકારની દાદ વાદી મેળવવા હકકદાર બની શકે નહી કે આપી શકાય નહિ.

(૯) આમ, મુદા નં. ૧ થી મુદા નં. ૩ વાદી પુરવાર કરી શકેલ ન હોઈ અને વાદી હાલની અરજી કામે કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા હકકદાર બનતા ન હોઈ મુદા નં. ૧થી મુદા નં. ૩ નો જવાબ ' નકારમાં' આપી મુદા નં. ૪ પરત્વે નિચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**// હુકમ//**

૧. વાદીની હાલની આંક–૫ ની કામ ચલાઉ મનાઈ હુકમની અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ ૨ મી માહે જુલાઈ સને, ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેરમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨/૭/૨૦૨૪

(પ્રિયા દુઆ)
અધિક સિવીલ જજ, કલોલ
UID GJ01393

TWINKAL SOLANKI